# ધી મહેસાણા નાગરિક સહકારી બેન્ક લી.,

હેડ ઓફીસ : અરવિંદ બાગ, મહેસાણા

_______________ શાખા

# SAFE DEPOSIT LOCKER AGREEMENT

## સેઈફ ડીપોઝીટ લોકર ભાડાનો કરાર

આ સેઈફ ડીપોઝીટ લોકર ભાડા એગ્રીમેન્ટ એક તરફવાળા ધી મહેસાણા નાગરિક સહકારી બેન્ક લી. (બેન્કના વહીવટદારો અધિકારીઓ વિગેરે) જેને હવે પછીથી "બેન્ક" તરીકે ઓળખવામાં આવશે.

બીજી તરફવાળા _______________________________________________

_______________________________________________

_______________ ઉંમર વર્ષ : _______ ધંધો : _______________

સરનામું : _______________________________________________

_______________________________________________

જેને હવે પછીથી સેઈફ ડીપોઝીટ લોકર "ગ્રાહક" તરીકે ઓળખવામાં આવશે. (ગ્રાહકમાં વ્યક્તિ/વ્યક્તિઓ, વારસદારો-ભાગીદારી પેઢી- પ્રોપ્રાઈટર, HUF ના કર્તા, તેના સભ્યો, વહીવટદારો, કાયદેસરના પ્રતિનિધિઓ, એસોશિએશન,, ટ્રસ્ટ અને લિમિટેડ કંપની વિગેરે)

સેઈફ ડીપોઝીટ લોકર ને હવે પછીથી "લોકર" તરીકે સંબોધવામાં આવશે.

1. ગ્રાહક લોકરની સેવા ભાડે લેવા માટે બેન્કમાં સંપર્ક સાધે છે.
2. બેન્ક, ચોક્કસ શરતો અને નિયમોને આધિન ગ્રાહકને લોકર સુવિધા પૂરી પાડશે.
3. બેન્ક અને લોકર ભાડે લેનાર ગ્રાહકે આ અંગે લોકર ભાડાનો કરાર (Agreement) કરવાનું નક્કી કરેલ છે.

A. બેન્ક અને લોકર ભાડે લેનાર ગ્રાહક વચ્ચે નીચે પ્રમાણેની શરતો-નિયમો પ્રમાણે ભાડા કરાર માટે સંમતિ-સમજુતી થયેલ છે.

i. Locker Licence લોકર પરવાનો-બેન્ક લોકર પરવાનો ગ્રાહકને લોકર વાપરવા માટે આપે છે જે બેન્કના નિયમો-શરતોને આધિન રહેશે.

ii. ગ્રાહક - બેન્કને - બેન્ક દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવેલ ચોક્કસ વાર્ષિક ભાડુ + સરકારી ટેક્ષની ચૂકવણી કરીને લોકર સ્વીકારે છે.

B. સેઈફ ડીપોઝીટ લોકર ભાડે રાખવાની શરતો

(૧) બેન્કના બેન્કિંગ કામકાજના સમય દરમ્યાન સુધી સેઈફ ડીપોઝીટ લોકર ખુલ્લો રહેશે. રવિવારે અને બેન્કના રજાના દિવસોએ કામકાજ બંધ રહેશે. બેન્કના બેંકિંગ કામકાજના દિવસે સમયે જ (જાહેર કરેલા સમય મુજબ જ) સેઈફ ડીપોઝીટ લોકરનો ઉપયોગ કરવાનો રહેશે. આકસ્મિક સંજોગો - પૂર, ધરતીકંપ, તોફાનો, લોક ડાઉન વિગેરે સંજોગોમાં લોકર સેવા આપવામાં નહી આવે. લોકર ધારક દિવસમાં એક વખત જ લોકર ઓપરેટ કરી શકશે.

(૨) બેન્કના સભાસદ યા બીનસભાસદને પણ લોકર ભાડે આપવામાં આવશે. કોઈપણ શખ્સને લોકર ભાડે નહીં આપવાનો અધિકાર બેન્કના બોર્ડ ઓફ ડીરેક્ટર્સને રહેશે.

(૩) લોકર ભાડે રાખનાર અને બેન્ક વચ્ચે પરસ્પર સંબંધ "માલીક અને ગ્રાહક" નો રહેશે.

(૪) લોકર ભાડે આપવાનો દરો, લોકરની સાઈઝના પ્રમાણમાં વખતોવખત બોર્ડ ઓફ ડીરેક્ટર્સ અગર ડીરેક્ટરોની બોર્ડ સબ કમીટીને અધિકાર આપે તો તે નક્કી કરશે.

(૫) લોકર ભાડે રાખવા બદલની અરજી બેન્કે નક્કી કરેલા સ્ટેમ્પ પેપર ફોર્મ ઉપર ભાડુતે કરવી પડશે. આવી અરજી બેન્કના અધિકારવાળા અમલદારે મંજૂર કર્યા બાદ લોકર મેળવવાનો અધિકાર ભાડુઆતને પ્રાપ્ત થશે.

(૬) અરજી સાથે લોકર ભાડે રાખતી વખતે વાર્ષિક ભાડુ અથવા નક્કી કરેલ લોકર ફીક્સ ડીપોઝીટ આપવાની રહેશે. આવી ભરેલી ડીપોઝીટ રકમ ગ્રાહક જયારે પોતાનુ લોકર બંધ કરી દેશે તે વખતે તેમને પરત આપવામાં આવશે. ડીપોઝીટની મુદત ત્રણ વર્ષની રહેશે. ત્રણ વર્ષ બાદ ફીક્સ ડીપોઝીટ ફરીથી રિન્યુ કરવામાં આવશે. લોકર ભાડુ વાર્ષિક ધોરણે એડવાન્સમાં ચુકવવાનું રહેશે. બેન્ક પાસે બાકી ચડેલ લોકર ભાડુ ગ્રાહકના ખાતામાંથી ઉધારવાનો અધિકાર રહેશે.

(૭) લોકર ભાડુ બાકી હશે તો લોકર ઓપરેટ કરવાની મંજુરી આપવામાં નહીં આવે. સરકારી એજન્સી દ્વારા લોકર ને સીલ કરવાનો હુકમ આવેથી લોકર સીલ કરવામાં આવશે અને બીજો હુકમ ના આવે ત્યાં સુધી લોકર ઓપરેટ કરવા દેવાશે નહીં.

લોકર ભાડે રાખનારને પોતાના નામ ઉપર મંજૂર થયેલ લોકર અગર તેનો ભાગ કોઈને આપી શકશે નહી. તેમજ ભાડે કે પેટા ભાડે આપી શકશે નહીં. લોકર બિનતબદીલ પાત્ર છે. લોકરમાં કિંમતી દાગીના, ઝવેરાત, દસ્તાવેજો, કિંમતી કાગળો અગર મિલ્કતો સિવાય બીજી કોઈ વસ્તુઓ રાખવા માટે તેનો ઉપયોગ કરી શકાશે

નહીં. એકાએક સળગી ઉઠે અગર બીજી રીતે નુકશાન કરે એવા કોઈપણ પદાર્થો લોકરમાં રાખી શકાશે નહીં. લોકર ભાડે રાખનાર લોકરમાં રોકડ-કરન્સી રાખી શકશો નહીં. લોકરમાં હથિયારો, બંદુક-પિસ્તોલ, દારૂગોળો Explosives, દવાઓ અને પ્રતિબંદિત (Contraband) સામગ્રી રાખી નહીં શકે. જલદીથી બગડી જાય તેવી સામગ્રી રેડિઓ એક્ટિવ દ્રવ્ય - પદાર્થ - ગેરકાયદેસર પદાર્થો વિગેરે રાખી નહીં શકાય. કોઈ પણ જાતની સામગ્રી વસ્તુઓ કે જે જોખમી, હોય બેન્ક ને હાની પહોંચાડે તેવી હોય તેવા પદાર્થો વસ્તુઓ રાખી નહીં શકાય.

(૮) ગ્રાહક જ્યારે બેન્કમાં લોકર ઓપરેટ કરવા આવે ત્યારે બેન્કના લોકર રજિસ્ટરમાં નામ લોકર નં. મોબાઈલ નં. લોકર ધારકની સહી, તારીખ, સમય વિગેરે વિગતો ભરવી. બેન્કનો અધિકારી બેન્કના રેકર્ડમાં ગ્રાહકની ઓળખ નક્કી કર્યા બાદ જ લોકર ઓપરેટ કરવાની મંજૂરી આપશે. ગ્રાહક સિવાય અન્ય ત્રાહિત વ્યક્તિને લોકર રૂમમાં પ્રવેશ આપવામાં નહીં આવે.

(૯) લોકર ભાડે રાખવાનો કરાર થયા બાદ લોકર ની એક ચાવી ગ્રાહકને આપવામાં આવશે અને બીજી માસ્ટર કી બેન્ક પાસે રહેશે. તે ઉપરાંત લોકરનો નંબર અને બેન્ક તરફ સંકેત શબ્દ (કોડવર્ડ) ગુપ્ત નીશાની લોકર ભાડે રાખનાર ગ્રાહકને આપવામાં આવશે. જેની ગુપ્તતા જાળવવા માટે ગ્રાહક બંધાયેલ છે. ગુપ્તતા જાહેર કરવાથી કંઈપણ નુકશાન થશે તો તે માટે બેન્ક જવાબદાર રહેશે નહીં.

(૧૦) ગ્રાહકે ચાવી સાચવીને પોતાની કબજે રાખવી અને બીજા કોઈને સોંપવી નહીં. ચાવી કોઈપણ સંજોગોમાં ગુમ થવાના પ્રસંગે તે બદલની બેન્કને તુરંત જ ખબર આપવી તે અંગેની કસર માટે બેન્ક જવાબદાર રહેશે નહીં. લોકર ચાવીની ડુપ્લિકેટ ચાવી બનાવવી નહીં.

(૧૧) ચાવી ખોવાયાના કારણે નવીન ચાવી તૈયાર કરવા માટે લોકર તોડવું પડે અગર તે અંગે જે કંઈ ખર્ચ થાય તે તમામ લોકર ભાડે રાખનારે ભોગવવો પડશે. નવી ચાવી તૈયાર કરાવવાનું અગર ગ્રાહકથી લોકર બગડ્યું હોય તે સુધારવાનું ગ્રાહકને ખર્ચે બેન્ક પોતે નક્કી કરેલા કારીગરને સોંપશે, તેમાં ગ્રાહકનો વાંધો ચાલશે નહીં. ગ્રાહકના કોઈપણ કૃત્યથી લોકર ને અગર બેન્કની બીજી કોઈપણ મિલ્કતને નુકશાન થશે, તો તે માટે ગ્રાહક બેન્કને જવાબદાર રહેશે. અને તેવી નુકશાની બેન્ક ગ્રાહક પાસેથી વસુલ કરશે. લોકર ચાવીની ડુપ્લિકેટ ચાવી બનાવવી નહીં ચાવી સાથે છેડછાડ કરવી નહીં.

(૧૨) લોકરની અંદરની વસ્તુઓ માટે બેન્ક જવાબદાર રહેશે નહીં.

(૧૩) લોકર વહેવાર અંગે ગ્રાહકે લોકર ભાડે રાખતી વખતે જે સરનામું નોંધાવ્યું હશે તે સરનામે બેન્ક તમામ જાતનો વહેવાર કરશે. સરનામામાં ફેરફાર થયે તે બદલની જેતે વખતે ખબર નહીં આપવાના કારણે કાગળ મળવામાં વિલંબ થાય, યા ન મળે તે બદલની જવાબદારી બેન્કની રહેશે નહી.

(૧૪) લોકર એક કરતાં વધુ નામ ઉપર ખોલી શકાશે. અને એક કરતા વધુ નામના પ્રસંગે એક યા બધા યા બધાની વતી એક નામ નક્કી કરવામાં આવે તે એક લોકરનો વહીવટ કરશે. ત્રાહિત વ્યક્તિને લોકરની અંદરની મિલકતોનો અધિકાર નહીં રહે. ત્રાહિત વ્યક્તિને લોકર ઓપરેટ કરવા દેવામાં નહીં આવે.

(૧૫) લોકર ભાડે રાખનાર સખ્સ અગર સખસો પોતાની હયાતી બાદ લોકરનો વહીવટ કરવા વારસ (Nominee) નું નામ ફરજીયાત બેન્કમાં નોંધાવવું. લોકર ભાડે રાખનારના અવસાન બાદ વારસદારોને લોકરની જણસોનો વહીવટ આપવામાં આવશે.

(૧૬) એક કરતાં વધુ નામના લોકરવાળાઓમાં જો એકાદ મૈયત થાય તો બાકીના હયાત હોય તે લોકરનો વહીવટ કરશે. (Either or Survivor નો મેન્ડેટ હોય તો જ)

(૧૭) જો એકજ નામ ઉપર લોકર હોય તો તેના, અગર વધુ નામવાળા ગ્રાહકો પૈકી કોઈ ગુજરી જાય તો જે છેલ્લો હયાત રહ્યો હોય, તેના મરણ બાદ કલમ ૧૫ મુજબ વહીવટ કરનારની નિમણૂંક નહી કરેલ હશે, તો તેના કાયદેસર પ્રતિનિધિ એટલે (બેન્કની ખાતરી થાય એવી રીતે યોગ્ય હકુમતવાળા કોર્ટે નીમેલા) એકજીક્યુટર અગર એડમીનીસ્ટ્રેટનોજ હક્ક સ્વીકારશે.

(૧૮) કોઈપણ ગ્રાહકના મરણ બાદ તેના વારસને લોકર વહીવટ કરવાની બેન્ક રજા આપે તે પહેલાં તેની પાસે યોગ્ય લાગે તેવી બાંહેધરી માંગી શકશે.

(૧૯) જો મરનારના વારસને સ્વીકારવામાં કંઈ વિલંબ થાય ને તેથી મરનારના વારસ યા વારસોને કંઈ નુકશાન થાય તો તે માટે બેન્ક જવાબદાર રહેશે નહી.

(૨૦) ભાડાના કરારની જે શરતો ગ્રાહકને કબુલ રાખી હોય તે તમામ તેના મુખત્યારનામું આપેલાં સખસને તેથી તેનાં વાલી વારસ એકજીક્યુટર્સ કે એસાઈન્સને પણ બંધનકર્તા રહેશે.

(૨૧) કોઈપણ રજીસ્ટર્ડ સંસ્થાને લોકર ભાડે રાખવું હશે, તો તેના તરફથી કાયદેસર જેને અધિકાર મળ્યો હશે તે સખ્સ, અગર સખસો, લોકરનો વહીવટ સંસ્થા વતી કરશે. તેવા સખસ અગર સકસોની હયાતીમાં યા હયાતી બાદ બીજા જે સખસ અગર સખસોની સંસ્થાએ કાયદેસર નવી નિમણુંક કરી હશે અને તેવી નવી નિમણુંક બેન્કે સ્વીકારી હશે ત્યારબાદ નવા નીમાએલા સખસો લોકરનો વહીવટ કરશે. નવીન નિમણુંક નહીં થાય અગર તે સ્વીકારવામાં વિલંબ થાય અને તેથી સંસ્થાને કંઈ નુકશાન થાય તો તે માટે બેન્ક જવાબદાર રહે નહી.

(૨૨) અસાધારણ સંજોગોમાં અગર બેન્કની બોર્ડ ઓફ ડીરેકટર્સને યોગ્ય લાગે તેવા પ્રસંગે અગાઉથી નોટીસ આપ્યા

સિવાય લોકર ભાડે આપવાનું કામકાજ મોકુફ રાખવાની અગર બંધ કરવાની વોલ્ટ ખોલવા યા બંધ કરવાના સમયમાં ફેરફાર કરવાની બેન્કને સત્તા રહેશે.

(૨૩) જ્યારે કોઈ પણ સંજોગોમાં ગ્રાહકને લોકર તોડાવવાનો પ્રસંગ આવે ત્યારે લોકરમાંથી નીકળેલ વસ્તુઓ ગ્રાહકના ખર્ચે અને જોખમે બેન્ક પોસ્ટ પારસલથી અગર બીજી યોગ્ય લાગે તે રીતે ગ્રાહકને મોકલી આપશે. પરંતુ તેમ કરતાં પહેલાં બેન્કની તમામ લહેણી રકમ તથા લોકર તોડવાનો અને દુરસ્ત કરાવવાનો તમામ ખર્ચ બેન્ક તેમાંથી વસુલ કરી શકશે.

(૨૪) લોકરના વહેવાર અંગે ગ્રાહક પાસે બેન્કની જે રકમ લહેણી નીકળે તે રકમ ભરપાઈ કરવામાં ગ્રાહક કસુર કરે તો લોકરમાં મુકેલી મિલ્કતો ઉપર બેન્કનો પ્રથમ હક્ક (ફર્સ્ટ ચાર્જ) રહેશે અને તેવી મિલ્કતોમાંથી બેન્ક પોતાનું લહેણું વસુલ કરી શકશે. અને તેમ કરવા માટે ગ્રાહકને ખબર આપી સદરહું મિલ્કતોમાંથી બેન્ક વેચી પણ શકશે. જો તેમાંથી બેન્કનું લહેણું વસુલ નહીં થઈ શકે તો ગ્રાહકની બીજી મિલ્કતોમાંથી પણ વસુલ કરવાને બેન્ક મુખત્યાર છે.

(૨૫) લોકરના વહેવાર અંગે બેન્ક અગર ગ્રાહક વચ્ચે કંઈ પણ તકરાર પડશે તો તેનો નિર્ણય સહકારી ખાતાએ સહકારી કાયદા નીચે નીમેલા લવાદ મારફતે કરાવવામાં આવશે.

(૨૬) લોકરને બ્રેક કરી ખોલવા તથા અંદરની ચીજ વસ્તુઓના નિકાલ બાબતે.

i આ કરારના આધારે બેન્કને લોકર તોડીને ખોલવાનો અને તેની અંદરનો ચીજ વસ્તુઓનો નિકાલ કરવાનો સંપૂર્ણ અધિકાર રહેશે. જે નીચે જણાવેલ સંજોગોમાં કરી શકશે.

a) લોકર ગ્રાહક દ્વારા એગ્રીમેન્ટની શરતો નિયમોનું પાલન કરવામાં નહીં આવે તથા એગ્રીમેન્ટની શરતો નિયમોનું પાલન કરવામાં સાથ સહકાર નહીં આપે તેવા સંજોગોમાં બેન્ક પાસે લોકર એગ્રીમેન્ટ રદ કરવા ત્રણ મહિનાની મુદતની નોટીસ રજીસ્ટર્ડ પોસ્ટથી આપવામાં આવશે. નોટિસની મુદત બાદ લોકર ઓપન કરવાની કાયદેસર કાર્યવાહી કરવામાં આવે.

b) લોકરનું ત્રણ વર્ષ સુધી સળંગ ભાડુ બાકી હોય.

c) લોકર સળંગ સાત વર્ષ સુધી ઓપરેટ કરવામાં નહીં આવે તેવા સંજોગોમાં.

ii લોકર બ્રેક ઓપન કરવાના સંજોગોમાં બેન્ક ગ્રાહકને રજીસ્ટર્ડ પોસ્ટથી ત્રણ મહિનાની મુદત આપતી નોટિસ મોકલવામાં આવશે, તથા SMS, E-mail અને રજીસ્ટર્ડ મોબાઈલ નંબર દ્વારા પણ જાણ કરવામાં આવશે. ગ્રાહકને જાણ કરવા તમામ પ્રયત્નો મોબાઈલ SMS વિગેરેથી કરવામાં આવશે.

a) બેન્ક દ્વારા ગ્રાહકને મોકલવામાં આવેલ નોટિસની બજવણી નહીં થતાં પરત આવેથી ગ્રાહકનો સંપર્ક ન થવાથી ગ્રાહકની જાણ સારું બે વર્તમાન પત્રમાં જાહેરાત આપવામાં આવશે અને આ અંગે ત્રણ મહિનાની મુદત આપવામાં આવશે.

b) લોકર બ્રેક ઓપન કરવાની કાર્યવાહી બેન્કના બે અધિકારીઓ અને બહારની બે વ્યક્તિઓની સાક્ષી તરીકેની કમિટીની હાજરીમાં કરવામાં આવશે.

c) લોકર બ્રેક ઓપનનું વીડીઓ રેકોર્ડિંગ કરવામાં આવશે. રેકોર્ડિંગને સુરક્ષિત રાખવામાં આવશે, ભવિષ્યમાં કોઈપણ પ્રકારના વિવાદ/કોર્ટ કેસના પ્રસંગમાં પુરાવા તરીકે પ્રદાન કરવામાં આવશે. અંદરની ચીજ વસ્તુઓની સંપૂર્ણ વિગતોનું ઈન્વેન્ટરી પંચનામુ બનાવવામાં આવશે બેન્કના માન્ય વેલ્યુઅરની હાજરીમાં તમામ ચીજ વસ્તુઓને વેલ્યુએશન કરીને સીલ બંધ કવરમાં રાખવામાં આવશે અને સેફ વોલ્ટમાં સાચવવામાં આવશે.

d) તમામ કાર્યવાહી RBI ના પરિપત્ર તા. ૧૮-૦૮-૨૦૨૧ નં. DOR.LEG.REC/40/09.07.005/2021-22 પ્રમાણે કરવામાં આવશે, તથા ભવિષ્યમાં આ અંગે RBI દ્વારા જારી કરવામાં આવનાર માર્ગદર્શિકાનું પણ પાલન કરવામાં આવશે.

e) બ્રેક ઓપન લોકરમાંની ચીજ વસ્તુઓના ઓકશન વેચાણ પહેલા ગ્રાહકને રજી. પોસ્ટથી જાણ કરવામાં આવશે. ત્રણ મહિનાની મુદત આપવામાં આવશે.

f) બ્રેક ઓપન લોકરની ચીજ વસ્તુઓનું નિકાલ પબ્લીક ઓકશનથી કરવામાં આવશે. બાકી ભાડુ, લોકર બ્રેક ઓપન ચાર્જીસ વિગેરે વસુલ બાદ જમા રકમ ગ્રાહકને પરત આપવામાં આવશે.

C. The Bank's Discharge from Obligations and Liability

i. લોકરમાં મુકવામાં આવેલ ચીજ વસ્તુઓ ખરાબ થવા બગડી જવા માટે બેન્કની કોઈ જ જવાબદારી રહેશે નહીં વરસાદ, આગ, પૂર, વીજળી, ધરતીકંપ, સીવીલ વોર વિગેરે જેવા સંજોગોમાં લોકરની ચીજ વસ્તુઓના નુકશાન બગાડ અંગે બેન્કની જવાબદારી RBI ના તા. ૧૮-૦૮-૨૦૨૧ના પરિપત્ર નં. DOR.LEG.REC/40/09.07.005/2021-22 મુજબ જ રહેશે.

ii. ગ્રાહકની બેજવાબદારી કૃત્યના કારણે લોકર વસ્તુઓને નુકશાન થાય તેની જવાબદારી બેન્કની નહીં રહે.

iii. લોકરની અંદરની ચીજ વસ્તુઓ જણસોનો વિમો બેન્ક દ્વારા લેવામાં આવતો નથી. તેની જવાબદારી ગ્રાહકની જ છે.

iv. ઉપર મુજબની શરતો તથા વખતો વખત બેન્કની બોર્ડ જે કઈ સુધારા વધારા કરે તે તમામ ગ્રાહકને બંધનકર્તા રહેશે.

D. આ કરાર ભારતીય કાયદા અને RBI ના વખતો વખતની ગાઈડ-લાઈન્સ પ્રમાણે બનાવેલ છે. બેન્ક જે સ્થળે છે તે કોર્ટના દાયરામાં કાયદા આધિન રહેશે.

## અનુસૂચિ

| | | | |
|---|---|---|---|
| સ્થળ : | | તારીખ : | |
| ૧. આ કરારમાં ભાગ લીધો | | | |
| | બેન્ક | ધી મહેસાણા નાગરિક સહકારી બેન્ક લી. જે ગુજરાત કો-ઓપરેટીવ સોસાયટી એક્ટ ૧૯૬૧, હેઠળ રજીસ્ટર્ડ છે અને નીચે જણાવ્યા મુજબ તેની શાખા દ્વારા કાર્યરત છે. | |
| ૧-એ | શાખા | બ્રાન્ચ : | |
| ૧-બી | ગ્રાહક | નામ અને સરનામાં :<br>નામ ૧ :<br>સરનામું :<br>E-mail ID : ______ Mo. ______<br>નામ ૨ :<br>સરનામું :<br>E-mail ID : ______ Mo. ______<br>નામ ૩ :<br>સરનામું :<br>E-mail ID : ______ Mo. ______ | |
| ૨ | લોકરનું વર્ણન | લોકર નંબર : ______ ચાવી નંબર : ______ | |
| ૩ | લોકર ભાડું પ્રતિ વર્ષ | રૂા. (શબ્દોમાં) ______<br>રૂા. (આંકડામાં) ______ (કે જે સમય સમય પર સુધારી શકાય) (અગાઉથી ચૂકવવા પાત્ર) | |
| ૪ | લોકર લાઈસન્સનો સમય ગાળો | આ કરારની તારીખથી ૧ (એક) વર્ષ જે આવા એક વર્ષના વધુ સમયગાળા માટે દર વખતે લંબાવવામાં આવશે સિવાય કે તેની શરતો સમાપ્ત કરવામાં આવે. | |
| ૫ | લોકર ઓપરેટ કરવાની સૂચના તથા અન્ય કોઈ સૂચનો | | |

### ગ્રાહક માટે

| વિગત | ૧ | ૨ | ૩ |
|---|---|---|---|
| નામ : | | | |
| હસ્તાક્ષર : | | | |
| હોદો/ક્ષમતા*: | | | |

(* જો ગ્રાહક બિન-વ્યક્તિ હોય તેવા કિસ્સામાં)

અહીના પક્ષોએ આ કરારનો અમલ કર્યો છે.

સાક્ષીનું નામ : ______

સરનામું : ______

સાક્ષીની સહી : ______

બેન્કના ઉપયોગ માટે

ધી મહેસાણા નાગરિક સહકારી બેન્ક લિમિટેડ. શાખા ______

અધિકારીના હસ્તાક્ષર : ______ અધિકારીનો હોદો : ______

અધિકારીનું નામ : ______

આજ રોજ તારીખ : ______ બેન્ક સીલ :